# દિવ્યાંગો માટેનો સમાવેશી સમાજ - એ જ મારું સ્વપ્ન

**--કુ. મૈત્રી કટટા (રાજકોટ)**

ભારત દેશ વિવિધતા અને વિશેષતા નો દેશ છે. અહી જુદી જુદી ભાષાઓ, જુદા જુદા રંગરૂપ, જુદા જુદા પહેરવેશ, જુદો ખોરાક, જુદી જુદી રહણીકરણી ધરાવતા લોકો વસે છે છતાં મહત્વની વાત એ છે કે અંહી આવી ભિન્નતા હોવા છતા લોકોમાં એકાત્મતા નો ભાવ છે.

ભારત દેશનું બંધારણ આદર્શ ગણવામાં આવે છે, કારણ કે વિશ્વના જુદા જુદા દેશોના બંધારણ નો અભ્યાસ કરી ચોકકસ વિશ્લેષણ બાદ બંધારણ ઘડવામાં આવ્યું છે. આપણા બંધારણેં નાગરિકોને આપેલા મૂળભૂત અધિકારો આપયા છે તેમા સૌથી મહત્વનો અધિકાર 'સમાનતા' નો છે.

આપણા દેશમાં વસતો દરેક નાગરિક સમાન છે. બંધારણ મુજબ આપણા નાગરિકોમાં કોઇ આર્થિક કે સામજીક સ્થિતિ અનુસાર ભેદભાવ નથી. કોઇ શ્યામવર્ણ તો કોઇ ઘઉંવર્ણ તેમજ કોઇ શારીરિક ક્ષમતા ધરાવતો હોય કે કોઇ શારીરિક રીતે ખોડખાંપણવાળો હોય આપણા બંધારણેં બક્ષેલા અધિકાર છતાં કેટલીક વાસ્તવિકતા વિચારવા જેવી એમાની એક વાસ્તવિકતા એ છે કે આપણા દેશ ના લોકોનુ સામાન્ય વલણ 'સમાનતા'નુ નથી. શારિરીક ખોડખાપણ ધરાવતી વ્યકિત પ્રત્યે મહદઅંશે 'દયાભાવ' દાખવે છે. એના પ્રત્યેના આમ જનવ્યવહાર એવોહોય છે કે દિવ્યાગં વ્યકિતઓ 'લઘુતાગ્રથી' અનુભવે છે. એમની ક્ષમતા યોગ્ય રીતે ઉજાગર થતી નથી. પ્રવતમાન સમય માં દિવ્યાગોં વિશે જનચેતના જગાવવાના પ્રયાસો થઇ રહયા છે, તેમાં એમના માટે 'સમાવેશી સમાજ'નો થઇ રહેલ છે જ પ્રસશનીય છે.

મારી નજરે દિવ્યાંગો માટેનો સમાવેશી સમાજના પાંચ મહત્વના આયામ **(Dimensions)** છે. જેને સમજવા અત્રે અંગરેજી ના પાંચ **'A'** માધ્યમથી અત્રે પ્રસ્તુત છે.

- પ્રથમ આયામ છે **Attitude :**

સૌ પ્રથમ આપણા સમાજે એમના (દિવ્યાગોં) પ્રત્યે આપણો એટીટુયડ (વલણ) હકારાત્મક અને પ્રોત્સાહક બનાવવો પડશે. એજ રીતે દિવ્યાગોંએ પણ એમના પોતાના પ્રત્યેનુ વલણ હકારાત્મક કરવુ પડશે. ''મને આંખથી દેખાતુ નથી તો શુ થયુ? કાન થી સંભળાય તો છે! સ્પર્શ તો અનુભવાય છે! હું મારી દૃષ્ટિની અક્ષમતાથી આવતા મારા જીવનના પડકારોનો બેવડી ક્ષમતાથી સામનો કરીશ." આવી ભાવના કેળવાય તો એમની શારીરીક અક્ષમતા તેમને સાલતી નથી.

વિશ્વસ્તરે વાત કરીએ તો એવી અનેક મહાન દિવ્યાગં વ્યકિતઓ એમના કોઇ એક અંગની ઉણપને અન્ય અંગના ઉપયુકત ઉપયોગ થી પુર્તિ કરી છે. આપણી સમક્ષ એના અનેક પ્રરણાદાયક ઉદાહરણો છે. જેવા કે, મહાન વૈજ્ઞાનિક સ્ટીફન હોકિંગ્સ તેમજ મહાન શિક્ષક હેલન કેલર એટલું જ નહી ભારતમાં પણ આવી કેટલીક મહાન વ્યકિતઓ થઇ ગઇ છે. ભારતમાં વર્ષો પૂર્વે સતં સૂરદાસ થઇ ગયા તો વર્તમાન સમયમાં સુધા ચંદ્રનન, રવિન્દ્ર જૈન , ગિરિશ શર્મા, શેખર નાઇક, એચ. રામાક્રિષ્ન, પ્રીતિ શ્રીનિવાસન, સત્યેન્દ્ર સિંહ, એચ. બોનીફેઇસ પ્રભુ,

સાંઇપ્રસાદ વિશ્વનાથન, અકબરખાન, અરૂનીમા સિંહા, જાવેદ અબીદી વગેરે આ લિસ્ટ જેટલુ બનાવી એ તેટલું ઓછું પડે તેમ છે. કહેવાય છે કે,

**''વિધ્દ્વત્વં ચ નૃપત્વં ચ નૈવ તુલ્યં કદાચન**
**સ્વદેશે પૂજયતે રાજા વિદ્વાન સર્વત્ર પૂજ્યતે''**

અર્થાત વિદ્વાન અને રાજા બંને વ્યકિતની તુલના કરવી યોગ્ય નથી. પરંતુ મહત્વની વાત તો એ છે કે રાજા ભલે ગમે તેવા મહાન હોય છતાં તે પોતાના દેશ માં પૂજાય છે જયારે વિદ્વાન વ્યકિત તો બધે જ પૂજાય છે.

આપણા સમાજને આ દૃષ્ટિકોણ હજુ કેળવવાની જરૂર છે. કોઇપણ વ્યકિતના બાહય દેખાવ થી નહી પરંતુ તેની અંદર રહેલી વિદ્વતા અને મહાનતા ને ધ્યાનમાં લેવી જોઇએ. દિવ્યાંગો ને પ્રત્યે સમાજ ની દષ્ટિકોણ બદલવાની જરૂર છે. અને એથી પહેલા સમાજે દિવ્યાંગ લોકોને પડતી મુશ્કેલી તરફ ધ્યાન આપવું જોઇએ.

વસુધૈવ કુટુમ્બકમ્ - અર્થાત સમગ્ર વિશ્વ એક કુટુંબ છે. એટલે પૃથ્વી પર વસતા દરેક સજીવ પછી તે પશુ, પક્ષી હોય કે મનુષ્ય હોય તેના માટે ચોકકસ અનુકૂલન સાધતુ પર્યાવરણ મળવું અત્યંત આવશ્યક છે. તેમજ સમાજ સાથે તાલમેલજાળવી શકે, સમાજ માં સરળતા સામાન્ય લોકો જેવું જીવન મેળવી શકે. ધણી વાર એવું જોવામાં આવતું હોય છે કે સમાજ આવા દિવ્યાંગ લોકો પ્રત્યે કાં તો દયાભાવ એટલે કે તેઓ સામાન્ય લોકો થી નબળા છે તેવું વલણ (દષ્ટિકોણ) રાખે છે અથવા કયારેક કયારેક કેટલાક લોકોનો દિવ્યાગં પ્રત્યે અણગમો પણ જોવા મળે છે પરંતુ હકીકત માં આવું વલણ યોગ્ય નથી. ભારત નું બંધારણ જયારે સર્વ નાગરિક ને સમાન દરરજો આપે છે ત્યારે આમજને પણ દિવ્યાગોં પ્રત્યે સમાન ભાવે વ્યવહારુ દષ્ટિકોણ અપનાવવુ જોઇએ. આવું ત્યારે શકય બને જયારે સમાજ આવા લોકો ના જીવન માં આવતા પડકારો લક્ષમાં લેશે અને એમને હકીકત માં કેટકેટલીક મુશ્કેલીઓ નો સામનો કરવો પડતો હોય છે તેના વિશે વિચારશે.

આપેલા હક મુજબ ભારતના તમામ નાગરિક સમાન છે દરેક નાગરિક ને સમાન દષ્ટિએથી જોવામાં આવે છે. પરંતુ મહત્વની બાબત એ છે કે આપણા સમાજ માં વસતો વર્ગ કે જે વિકલાંગ તરીકે ઓળખવામાં આવે છે, તેને આપણો સમાજ કંઇક અલગ જ દષ્ટિ એથી જુએ છે.

હકીકત તો એ છે કે, પહેલા તો તેમને વિકલાંગ કહેવું ખોટું છે. વાસ્તવમાં આવા લોકો જન્મથી અથવા કોઇ આકસ્મિક રીતે વિકલાંગ બન્યા હોય છે. તેમની પાસે ભલે કોઇ એક કે વધારે અંગની શકિત છીનવાઇ ગઇ હોય પરંતુ તેનાથી ધણી વધારે શકિત ભગવાન તેના બીજા અંગો માં આપી છે. આવા લોકો ની છઠી ઇન્દ્રિય ઘણી સતેજ હોય છે. આથી આવા લોકો ને પહેલા તો વિકલાંગ કહેવું ખોટું જ છે. આવા લોકોને વિકલાંગ નહી પરંતુ દિવ્યાંગ કહેવું એકદમ યોગ્ય છે. દિવ્યાંગ નો અર્થ ''દિવ્ય + અંગ'' અર્થાત જેની પાસે જેના અંગ – ઉપાંગોમાં અદભુત શકિત રહેલી છે તેવી વ્યકિત.

શારીરિક રીતે ભલે સક્ષમ ન હોય પરંતુ પોતાના આત્મબળે થી તેઓ ધારે તે કરી શકતા હોય છે. એવા કેટલાય ઉદાહરણો આપણા સમાજ માંથી મળી આવે છે.

જો કે હુ મારી પોતાની જ વાત કરુ તો મારી હાલ ની ૨૨ વર્ષની ઉંમર સુધીમાં એક સામન્ય યુવતી તરીકે મેં અત્યાર સુધી દિવ્યાંગ વ્યકિતઓ ને પડતી પ્રત્યે ભાગ્યે જ ધ્યાન આપ્યું હશે પરંતુ કહેવાય છે ને કે જાત અનુભવ વગર સાચો અહેસાસ ન થાય પરંતુ તાજેતર મા હાડકાના કેન્સર ના નિદાન સાથે મારા પગ નુ ઓપરેશન થયુ અને હું પરવરીશ થઇ ત્યારેજ મને આ સમસ્યાનો અહેસાસ થયો.

એક પરિમાણ Attitute વ્યકિતલક્ષી ગણીએ તો આના પછી ના બાકી ચારએ આયામો સમાજલક્ષી છે જેની 'સમાવેશી સમાજે' પૂર્તિ કરવાની રહે છે.

- આ વિષયનો બીજો મહત્વનો આયામ છે **"Acceptable"**

  દિવ્યાગોંનુ જીવન સુગમ અને સરળ બને તે માટે સમાજે કેટલાક સાધનો, ઉપકરણો અને વ્યવસ્થા ઉભી કરવાની રહે છે. જે સાધનો વિકસાવામાં આવે તે દિવ્યાગોંને સ્વીકાર્ય હોવા જોઇએ. એમના માટે તેનો ઉપયોગ સરળ હોવો જોઇએ.

- **"Accessible"**

  સમાજમાં એવા અનેક સ્થળો છે જેમાં દિવ્યાગં લોકો પહોંચી શકતા નથી. તેમના રોજબરોજના જીવનની સૌથી મહત્વની સમસ્યા છે. હોસ્પિટલ, રેલવે કે બસ સ્ટેશન, મંદિરો, એ.ટી.એમ. સેન્ટેર, બેન્ક, ઓફિસો વિગેરે સ્થળોએ આવ્યશકતા અનુસાર દિવ્યાગં લોકો જઇ શેકે તેવી વ્યવસ્થા થવી જોઇએ.

- **"Affordable"**

  દિવ્યાગોં માટે સંશોધિત સાધના હરકોઇને પરવડે તેવા હોવા જોઇએ. આર્થિક રીતે નબળા વર્ગ અને નિમ્ન મધ્યમ વર્ગના દિવ્યાગોને જરુરી સાધનો વિના મુલ્ય અથવા કનશેશનલ મુલ્યથી મળે તેવી સરકારે તેમજ સેવાભાવી સંસ્થાઓ એ વ્યવસ્થા કરવી જોઇએ.

- **"Available"**

  દિવ્યાગોંને જરુરી સાધનો તેમને સરળતાથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા થવી જોઇએ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તાર માં આવી વ્યવસ્થા ગોઠવાય તો વધારે ઉપયોગી તાહય.

  આમ આ ચાર પરિમાણો 'સમાવેશી સમાજ' માટે મુળાધાર સમાન ગણી શકાય.

મારી દષ્ટિએ 'સમાવેશી સમાજ' ના સ્વપ્નને સાકાર થાય અંગે કેટલાક પડકારો છે. આ અંગે વિચાર હેતુ કેટલાક પ્રેકટીકલ સુચનો પ્રસ્તુત કરુ છુ.

## દિવ્યાંગો ભોગવવી પડતી કેટલીક મુશ્કેલીઓ અને સમાધાન :-

૧. સુગમ્ય પથ (Transport) :-

દિવ્યાગં લોકો ને જયારે એક જગ્યાએ થી બીજી જગ્યા એ જવું હોય ત્યારે ધણી મુશ્કેલી ઓ વેઠવી પડે છે. આપણા દેશમાં હજુ પણ બીજા દેશની તુલના એ એટલી સારા સડક માર્ગ, રેલમાર્ગ, ફુટપાથ, બસ સ્ટેશન વગેરે આવા દિવ્યોગ લોકો માટે હજુ અનુકૂળ બન્યા નથી. ભારત જેવા વિશાળ દેશમાં દરેક જગ્યા પર સુગમ્ય પથ નુ નિર્માણ એક મોટો પડકાર છે. સરકાર અને જનમાનસ ના મકકમ નિર્ધાર થી યોગ્ય વ્યવસ્થા જરુર શકય બની શકે.

૨. **તબીબી સેવાઓ** (Health) :-

હજી આપણા દેશમાં દિવ્યાંગો માટે જરૂરી સુવિધા, જાગૃતતા, તેમજ દવાઓને લગતી સુવિધાઓ સહજ રીતે પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. દેશભરમાં સામાન્ય દિવ્યાગ વ્યકિત માટે આ સુવિધાઓ ઉપલબ્ધ થાય તે જરુરી છે.

૩. **શહેરીબાંધણી** (Urban Structure) :

આપણાદેશમાં વધતું જતું શહેરીકરણને કારણે દરેક સ્થળે વસ્તીવધારો જોવા મળે છે.આ ઉપરાંત આપણા દેશમાં થતા બાંધકામની ડિઝાઇન વિકલાંગો માટે મુશ્કેલી ઊભી કરે છે. આથી તેઓ સરળતાથી ATM, School, Colleges વગેરે જગ્યાએ જવામાં તકલીફ વેઠવી પડે છે.

૪. **ટેકનોલોજી નો યોગ્ય ઉપયોગ** (Technological Solutions)

આપણા દેશમાં હજી બીજા દેશની તુલનાએ Digital Tech., Mobile Application, તેમજ કેટલીક Digital સુવિધાઓ હજુ દિવ્યાગોં સુધી પહોંચી નથી. ટેકનોલોજી નો યોગ્ય ઉપયોગ સમાવેશી સમાજ માટે Game Changer બની શકે તેમ છે.

૫. **શિક્ષણ** (Education)

વિકલાંગો માટે સારી અને સરળ સુવિધાપૂર્ણ શિક્ષણ વ્યવસ્થા હજુ પુરતા પ્રમાણમાં વિકસીત નથી. શિક્ષણ ક્ષેત્ર વિકલાગંતા ને સમજી શકે તેવા શિક્ષકો અને સમાવેશી શિક્ષણ વ્યવસ્થાનુ નિર્માણ થાય તે જરુરી છે.

૬. **સરકારી અભિગમ** (Approach of Govt. and Bureaucracy)

સરકાર દવારા Proactive Approach ની ખાસ જરુરત છે. આ અગેં દિવ્યાગં માટે website, Application, Govt. Portals, or Community પૂરતા પ્રમાણમાં તૈયાર કરવાની જરૂરત છે.

૭. માહિતી નો અભાવ

કોઈપણ સરકારી યોજના માટે તેના લાભાર્થીઓ અંગેની માહીતી અત્યંત જરુરી હોય છે. હાલમાં સમગ્ર દેશ માં દિવ્યાગોંની વિસ્તૃત માહિતી(Datbase) પુરતા પ્રમાણમાં નથી સમાવેશી સમાજ માટે તે ત્યાર કરવી અત્યંત જરુરી છે. એજ રીતે સરકારી યોજનાઓની માહિતી દિવ્યાગંજન સુધી પહોચે એ અટલુ જ જરુરી છે.

૮. **વ્યવસાય ક્ષેત્રે ઉપેક્ષા** :

સમાવેશી સમાજ માટે સૌથી પહેલી જરુરિયાત છે દિવ્યાગોંની ક્ષમતા અનુસાર યોગ્ય વ્યાવાસ લક્ષી વ્યવસ્થાનુ નિર્માણ થાય તે. આ અગેં દિવ્યાગોંની ક્ષમતા વધારવા અને તેના પુરતો ઉપગોય થાય તે મુજબની તાલમિ વ્યવસ્થાનુ નિર્માણ તે અત્યતં જરુરી છે.

૯. વિકલાગંતા અને ગરીબી

વિશ્વ સ્તરે થયેલ કેટલાક અભ્યાસનુ તારણ છે કે વિકલાગંતા ને ગરીબીને કારણે નથી પરંતુ ગરીબ વ્યકિત વિકલાગ હોય તો એને માટે જીવન-યાપન વધુ દુષ્કર અને અસહય બની જાય છે. આપણા દેશમાં ગરીબ અને નિમ્ન મધ્યમ વર્ગ બહોળા પ્રમાણમાં હોવાથી દિવ્યાગોં માટે ના સમાવેશી સમાજ માટે વિશેષ જોગવાઈ જરુરી બને છે.

૩, ડિસેમ્બર ૨૦૧૬ ના રોજ ભારત સરકારે Rights of Persons with disabilities Act, 2006 અમલમાં મૂકયો છે. આ કાયદા અતંગર્ત દિવયાગોં માટે સુગમ્ય ભારતનુ સ્વપ્ન સાકાર કરવા માટે વિશેષ જોગવાઈઓ કરવમા આવેલ છે. "Accessibility for the Physical, Transportation, Information & Communications, Including appropriate Technologies and Systems, Facilities and Services are to be Provided".

UN Convention on Rights of Persons with Disabilities. દ્વારા પણ આ બાબતે સ્પષ્ટ નિર્દેશ છે કે દિવ્યાગોં માટે એવી સુવધિા ઉપલબ્ધ હોવી જોઇએ કે જેનાથી આ લોકાને સામાન્યજન માફક ભૌતિક સમાજીક ,આર્થિક અને સાસ્કૃતિક બાબતે તેમનુ જીવન સગમ અને સરળ બને અને બધી આવ્યશક સેવાઓ નો પુરતો મળી શકે. વિશ્વના અનેક દેશોમાં દિવ્યાંગજનો માટે પૂરતી વ્યવસ્થા નો વિકાસ થયેલ છે. હવે ભારતમાં પણ આ વલણ અપનાવવામાં આવ્યો છે.

આજથી લગભગ ૨૫૦૦-૩૦૦૦ વર્ષ અગાઉ વિકસિત સિંધુખીણ ની સંસ્કૃતિમાં નગરરચના નો ઉલ્લેખ થયેલ છે. પ્રાચીન નગરવ્યવસ્થાની વાત કરીએ તો તેમાં દરેક મકાનોમાં પૂરતી સુવિધાઓ હતી, આમ એ નગરવ્યવસ્થા "આદર્શ" ગણાતી હતી. "Smart Cities Mission'' – અંતર્ગત આપણી સરકારે આ દિવ્યાંગ લોકોની સહજ જીવન યાપન માટેના પડકારો દૂર કરી શકાય એ માટેના પગલાંઓનો સમાવેશ કર્યો છે. આથી ફરી એકવાર આપણે (સમાજે) આવી દિવ્યાંગો માટે આદર્શ વ્યવસ્થા ઊભી કરવાની જરૂરત છે. ત્યારે જ આપણો દિવ્યાંગ માટેનો અભિયાન સાકાર થશે.

આપણો અભિયાન દિવ્યાંગો માટે સાકાર કરવા સર્વપ્રથમ તેમના ઉપરોકત જણાવેલા પડકારો દૂર કરવા પડશે. તેમા માટે તેઓ મુકત મને હળીમળીને, સ્વતંત્રતા અનુભવી શકે તેવો માહોલ ઊભો કરવાની જરૂરત છે. તેમજ તેમના પરિવહન, શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરે ને લગતી પૂરતી સવલતો મળી રહે તે જવાબદારી આપણા સમાજની છે.

આમ દિવ્યાંગ લોકો પણ આપણા સમાજ નું એક અભિન્ન તેમજ મહત્વના વ્યકિત ઓ છે, તેવો અહેસાસ આપણે તેમને કરાવવો એ આપણી ફરજ છે.